ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ　　　　　　　　　　　　　　　　　　　　　　　　ता.૨૭/૦૨/૨૦૧૭

**પોલીસ તંત્રની આતંકવાદીઓને પકડવાની કામગીરીને બિરદાવવાને બદલે કોંગ્રેસ પક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલા તેમના નિવેદનો થકી આતંકવાદી પ્રવૃતિને આડકતરી રીતે પ્રોત્સાહન પુરૂં પાડે છે. - પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણી**

---------

**રાષ્ટ્રહિતની કોઈપણ બાબતમાં ભાજપ કયારેય બાંધછોડ કરશે નહિં.**

---------

આતંકવાદીઓ પકડાય ત્યારે કોંગ્રેસના પેટમાં શેની ચૂંક આવે છે ? તે સમજાતું નથી.

---------

પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણીએ આતંકવાદીઓને પકડી લઈને રાજકોટ કે ગુજરાતમાં પોલીસે આતંકવાદીઓને પકડીને રાજકોટ અને ગુજરાતમાં બનતી દુંઘટનાને રોકી લીધી છે અને કોઈપણ પ્રકારની જાનહાની થતી અટકાવી છે. સમગ્ર પોલીસતંત્રને ભાજપ તરફથી હ્યદયપૂર્વકના અભિનંદન આપતાં જણાવ્યું હતું કે, કોંગ્રેસે પણ પોલીસતંત્રની કામગીરીની બિરદાવવી જોઈએ. તેના બદલામાં આતંકીઓને પ્રોત્સાહન મળે તેવા શંકાસ્પદ નિવેદનો કર્યું છે. તેને સખ્ત શબ્દોમાં વખોડી કાઢીએ છીએ.

પ્રદેશ પ્રમુખશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, પકડાયેલા આતંકીઓએ કોર્ટ સમક્ષ પોતાની ગુનાહિત પ્રવૃતિઓનો સ્વીકાર કરી રહ્યાં છે અને નામદાર કોર્ટે બન્ને આતંકીઓને ૧૦ માર્ચ સુધીના રીમાઈન્ડ મંજૂર કર્યાં છે. શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસના શાસનમાં કયારેય આતંકવાદીઓ પકડાતા ન હતાં અને જયારે ભાજપની સશક્ત અને સક્ષમ સરકાર દ્વારા રાષ્ટ્રહિત સામે થતી કોઈપણ ગેરકાનુની પ્રવૃતિઓને ચલાવી લેવામાં આવશે નહીં. રાષ્ટ્રહિત માટે કયારેય કોઈપણ બાંધછોડ થશે નહીં.

શ્રી વાઘાણીએ જણાવ્યું હતું કે, ભાજપની સરકારે પોલીસતંત્રને ઝીરો (0) ટોરલન્સથી એકશન લેવા સૂચના આપી છે. **મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની સરકારે કોઈપણ પ્રકારના ગુન્હાખોરી સામે આકરા પગલાં લઈ રહી છે. હંમેશા ગુન્હેગારો, આતંકવાદીઓ સામે એકશન લેવાય ત્યારે જ કોંગ્રેસને રીએકશન આપવાનું મન થતું હોય છે.** આતંકવાદીઓ પકડાય ત્યારે કોંગ્રેસના પેટમાં શેની ચૂંક આવે છે ? તે સમજાતું નથી.

અગાઉ નરેન્દ્રભાઈ મોદીની હત્યા કરવા આવેલા તમામ આતંકવાદીઓને તમામ ગુપ્તચર એન્જસીઓએ ઈસરત જહાં સાથે ચારેય લોકોને આતંકવાદીઓ જાહેર કર્યા હોવા છતાં તત્કાલિન યુ.પી.એ.ની કોગ્રેસ સરકારે ઈશરત આતંકવાદી નથી તેવું કહીને કાગાડોળ મચાવી દીધી હતી. અમેરીકાએ પકડેલા આતંકવાદી હેડલીની કબુલાતને પણ અવગણીની ઈશરત એન્ડ મંડળીની તરફેણ કરવાનું ચાલુ રાખીને કોંગ્રેસે અવગણીની ઈશરત એન્ડ મંડળીની તરફેણ કરવાનું ચાલુ રાખીને કોંગ્રેસે પોતાની રાષ્ટ્ર પ્રત્યે કેવો દૃષ્ટિકોણ છે તે બતાવી દીધો હતો. દિલ્હી સંસદ પર હુમલો કરનાર અફઝલને પણ આ કોંગ્રેસના નેતાઓએ બિરદાવવાનો પ્રયાસ કર્યો હતો. કોંગ્રેસ તુષ્ટીકરણના નામે વોટ બેંક ઊભી કરીને રાષ્ટ્ર સુરક્ષા સા0થે બાંધછોડ કરવાનો બદઈરાદો ધરાવે છે અને કોંગ્રેસે રાષ્ટ્ર વિરોધી પ્રવૃતિઓ અને તત્વોને પ્રોત્સાહન મળે તેવા નિવેદનો આપવાનું બંધ કરવું જોઈએ. તેમશ્રી વાઘાણીએ જણાવ્યું હતું.

**(ડૉ.હર્ષદ પટેલ)**
કન્વીનર-મીડીયા સેલ